ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૧૬.૪ ડીગ્રી
ભેજ
સવારે ૩૭ ટકા ● સાંજે ૧૭

## આઈ લવ માય ગાંધીનગર



**જયંતભાઈ ભટ્ટ**

પ્રમુખ, ગાંધીનગર નિવૃત્ત અધિકારી મંડળ, સેક્ટર-૭ ડી
કાર્યકારી પ્રમુખ
ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ,
ગાંધીનગર વિકાસ પરિષદ

**ગાંધીનગર ગમે**

લીલાંછમ વૃક્ષો, પ્રદૂષણરહિત શુદ્ધ વાતાવરણ, હવા, નર્મદાનાં નીર, શાંતિદાયક પ્રકૃતિને કારણે ગાંધીનગર મને ગમે છે.

**નગરજનો**

વિવિધ પ્રવૃત્તિઓમાં રત પ્રબુદ્ધ નાગરિકો, નિવૃત્તિમાં પ્રવૃત્તિ કરતાં પેન્શનર્સ, ખારોડ સાહેબ જેવા અનેક સેવાભાવી, ભેખધારી નગરજનો અહીં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

સાંસ્કૃતિક પ્રવૃતિ કરતી અનેક સંસ્થાઓ જેવી કે ગાંધીનગર કલ્ચરલ ફોરમ, પેન્શનર્સની સેવા કરતી ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ, ગાંધીનગર નિવૃત્ત અધિકારી મંડળ-સેક્ટર ૭ ડી, જુસિકા, સિસિકા, સહયોગ મંડળ જેવી સંસ્થાઓનાં સેવાકીય કામોથી શહેર શોભે છે.

**નગરને બહેતર બનાવવા**

સઘળા ચાર રસ્તાઓ પર અન્ડરગ્રાઉન્ડ બ્રિજ બનાવવા, વાહન ગતિ નિયંત્રણ માટે ટ્રાફિક પોલીસ વધારવી, રખડતાં ઢોર-કૂતરાંનો ત્રાસ દૂર કરવા માટે, આંતરિક રસ્તા સફાઈ માટે મનપા કામ કરે.

**નગર માટે હું કરી શકું**

પેન્શનર્સના પ્રશ્નોનો હકારાત્મક ઉકેલ લાવવા, સંબંધિત કચેરીસાથે વિચાર-વિમર્શ કરવો, પ્રવર નાગરિક માટે વધુ સુવિધા મળે, પેન્શનર ભુવન થાય તેવા પ્રયત્ન કરવા તત્પર છું.

# ગાંધીનગર મેડીકલ કોલેજમાં એમસીઆઈની ટીમના ધામા

## હોસ્પિટલના વિવિધ વોર્ડ, ઓપરેશન થિયેટર્સ, ઓપીડી સહિત ડોકટર્સ અને સ્ટાફની પણ વિગત મેળવી

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર મેડીકલ કોલેજ સંચાલિત જનરલ હોસ્પિટલના એમસીઆઈના છેલ્લા ઈન્સ્પેકશન માટે ટીમ આજે સવારે અચાનક આવી પહોંચી હતી. ત્રણ સભ્યોની ટીમે હોસ્પિટલના વિવિધ વોર્ડ, આઈસીયુ, ઓપીડી, લેબ સહિતની જગ્યાનો રાઉન્ડ લઈને ઝીણવટભરી ચકાસણી કરી હતી. જેમાં સાધનો સહિત સ્ટાફની પણ તપાસ કરી હતી. ઈન્સ્પેકશનને પગલે સમગ્ર તંત્ર દોડતું નજરે પડતું હતું. જયારે સવારથી સાંજ સુધી એમસીઆઈની ટીમ સાથે ખડેપગે રહેલા અધિકારીઓ પણ સાંજ ઢળતા જ થાકીને લોથપોથ થઈ ગયા હતા. કોલેજના ફાઈનલ યરના ચેંકીગમાં આવેલ એમસીઆઈની ટીમે બપોર બાદ ડોકટરની ડિગ્રી અને ડોક્યુમેન્ટનું પણ વેરીફિકેશન કર્યું હતું.

ગાંધીનગર મેડીકલ કોલેજને પાંચ વર્ષ પૂર્ણ થઈ ગયા છે. તાજેતરમાં ગુજરાત યુનિવર્સિટી દ્વારા તબિબિ વિદ્યાર્થીઓની લેવામાં આવેલ ફાઈનલ પરિક્ષામાં કોલેજના




૧૦૬ વિદ્યાર્થીઓ ઉતીર્ણ થયા છે. કોલેજની પ્રથમ એમબીબીએસની બેંચ બહાર પડી છે. ત્યારે વિદ્યાર્થીઓ ડોકટર તો થઈ ગયા છે, પરંતુ ફાઈનલ યરની મંજુરી એમસીઆઈ દ્વારા મળી નથી. જેને અનુલક્ષીને કોલેજના ડીન દ્વારા એમસીઆઈની મંજુરી માટે અરજી કરી હતી. પરંતુ છેલ્લા એક માસથી એમસીઆઈની ટીમ ગમે ત્યારે આવી શકે તેમ હોવાથી હોસ્પિટલ તંત્ર સજજ થઈ ગયું હતું. તેમ છતા ટીમ ના આવતા હોસ્પિટલના અધિકારીઓ-કર્મચારીઓની રજા પણ કેન્સલ થઈ હતી.આખરે આજે અચાનક સવારે ટીમ આવી પહોંચતા કર્મચારી-અધિકારીઓ દોડતા થઈ ગયા હતા. ટીમના સભ્યોએ બે ટીમ બનાવી વિવિધ સ્થળે એમસીઆઈની ગાઈડલાઈન મુજબ તપાસ કરી હતી.ટીમના સભ્યોએ ડોકટર્સ, વોર્ડમાં જરુરી સાધનો સહિત કર્મચારીઓ પણ પુરતી સંખ્યામાં છે કે નહી તેની પણ નોંધ લીધી હતી.તેમજ ટીમના સભ્યોએ જયાં જરુર જણાય ત્યાં અધિકારીઓને ટકોર પણ કરી હતી. જયારે બપોર બાદ ટીમ ડોકટર્સની ડિગ્રીનું વેરીફિકેશ કર્યુ હતું. જયારે એમસીઆઈની ટીમ આજે ગાંધીનગરમાં રાત્રી રોકાણ કરશે ત્યારબાદ ગઈકાલે પણ હોસ્ટેલ, ઓપીડી, કોલેજમાં બાકી રહેતી કામગીરી પુરી કરીને સાંજે પરત ફરશે. ઘણા લાંબા સમયથી ટીમની રાહ જોતા અધિકારીઓએ આખરે ટીમ આવી જતા રાહતનો શ્વાસ લીધો છે.

## પ્રધાનમંત્રીના આગમનને પગલે હોસ્પિટલ તંત્ર સજ્જ

ગાંધીનગર, તા.૬

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતની મુલાકાતે આવવાના છે. આ મુલાકાતને પગલે તમામ સરકારી તંત્ર સજજ થઈ ગયા છે. વડાપ્રધાન ગાંધીનગર ખાતે આયોજીત મહિલા સરપંચ સંમેલનમાં હાજરી આપવા માટે આવવાના છે. ત્યારે ગાંધીનગરને ફરીવાર ચોખ્ખુચણક તંત્ર દ્વારા કરી દેવામાં આવ્યું છે.વડાપ્રધાનની સુરક્ષાને ધ્યાને રાખીને શહેરને પણ પોલીસ છાવણીમાં ફેરવી દેવામાં આવ્યું છે. ત્યારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ તંત્ર પણ સજજ થઈ ગયું છે. હોસ્પિટલમાં ખાસ બેઝ હોસ્પિટલ ઉભી કરવામાં આવી છે. જેમાં તમામ વિભાગના એચઓડી હાજર રહેશે. તેમજ મહાત્મા મંદિર ખાતે મેડીકલ ઓફિસરોની ત્રણ ટીમ, આઈસીયુ ઓન વ્હીલ સહિત એક સુપર સ્પેશીયાલીસ્ટ ડોકટરોની ફોજ ખડી કરી દેવામાં આવી છે. તંત્ર દ્વારા પ્રધાનમંત્રીના કોન્વોયમાં પણ એક ટીમ મુકવામાં આવી છે. પ્રધાનમંત્રી ગાંધીનગરમાં પ્રવેશે ત્યાંથી લઈને પરત ન જાય ત્યાં સુધી ડોકટરની ટીમ ખડેપગે હોસ્પિટલમાં હાજર રહેશે. હોસ્પિટલ તંત્ર દ્વારા અન્ય હોસ્પિટલમાંથી ડોકટર તેમજ જરુરી સાધનો પણ મંગાવી લેવામાં આવ્યા છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલ આ વીકમાં વાયબ્રન્ટ બની રહેશે. એકતરફ એમસીઆઈની ટીમ આવી છે તે તપાસ કર્યા બાદ પરત ફરશે. ત્યારબાદ પ્રધાનમંત્રી આગમનને પગલે હોસ્પિટલનો સ્ટાફ કામમાં લાગી જશે. અત્યારે હાલના સમયે હોસ્પિટલ સતત ધબકી કરી છે. જયારે સ્ટાફના કર્મચારીઓની રજા પણ કેન્સલ કરી દેવામાં આવી છે.

# ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ દ્વારા સરકાર સામે ભભૂકતો રોષ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર શહેર પેન્શનર્સ



સમાજની તાજેતરમાં સેકટર-૬માં મળેલી વાર્ષિક સામાન્ય સભામાં પેન્શનર્સની માંગણીઓ જેવી કે કેન્દ્ર સરકારના ધોરણે તા. ૧૯-૧૧-૨૦૧૪ની અસરથી માસિક તબીબી ભથ્થું રૂ. ૩૦૦થી વધારી રૂ. ૫૦૦ કરવું, તા. ૧-૭-૨૦૧૬થી ૨ ટકા મોંઘવારી ભથ્થુ આપવુ તથા સાતમા પગાર પંચ મુજબના એરિયર્સના નાણાંનું એક જ હપ્તામાં ચૂકવણું કરવું વિ. બાબતે વારંવાર ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ સહિત ગુજરાત રાજયના તમામ પેન્શનર્સ મંડળો દ્વારા લેખિતમાં ગુજરાત સરકારને વિનંતીઓ કરવા છતાં સરકાર તરફથી દાખવવામાં આવેલ ઉદાસિન વલણ સામે વ્યથિત અને દુ:ખી હૃદયે પેન્શનર્સ આલમમાં સરકાર સામે ઉગ્ર આક્રોશ પ્રવર્તી રહ્યો છે. ગુજરાત સરકાર સમક્ષ ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ સહિત ગુજરાત રાજયના વિવિધ પેન્શનર્સ મંડળો દ્વારા લેખિત રજૂઆત કરવા છતાં સરકાર દ્વારા કોઈ જ નક્કર નિર્ણય ન થતાં તમામ પેન્શનર્સ મંડળોએ સરકારની ઉદાસિનતાની નોંધ લીધી છે અને શહેર પેન્શનર્સ સમાજે પેન્શનરોના પડતર પ્રશ્નો અંગે મુખ્યમંત્રીને રજૂઆત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

સંસ્થાની સામાન્ય સભામાં ખૂબ જ મોટી સંખ્યામાં પેન્શનર સભ્યોએ ઉપસ્થિત રહી સંસ્થાને વધુ મજબૂત બનાવવાનો પુનરોચ્ચાર કર્યો હતો.

# મહિલા દિવસના ઉપક્રમે નિ:શુલ્ક કેન્સર નિદાન કેમ્પ યોજાયો





ગાંધીનગર, તા.૬

આગામી તા. ૮મી માર્ચે સમગ્ર દેશમાં વિશ્વ મહિલા દિવસની ઉજવણી થનાર છે. ગાંધીનગરની જયોતિ મહિલા મંડળ દ્વારા કડી સર્વ વિશ્વ વિદ્યાલયના વુમન ડેવલપમેન્ટ સેલના સહયોગથી મહિલા દિવસના ઉપક્રમે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પ્રદર્શન, ડોકયુમેન્ટ્રી ફિલ્મ શો તથા નિ:શુલ્ક કેન્સર નિદાન કેમ્પ યોજવામાં આવ્યા હતા.

ગાંધીનગરના સે-૨૩ ખાતેના કડી સર્વ વિદ્યાલય સંકુલના ક્રિએટીવ ઝોન ખાતે આજે યોજાયેલ કાર્યક્રમમાં આશરે ૫૦૦થી વધુ મહિલાઓએ ભાગ લીધો હતો. મહિલાઓમાં વધી રહેલા ગર્ભાશયના કેન્સરને નાથવા માટે આ કાર્યક્રમમાં તમામ મહિલાઓનો નિ:શુલ્ક પેપ ટેસ્ટ યોજવામાં આવ્યો હતો. આ ઉપરાંત કાર્યક્રમમાં એક ડોકયુમેન્ટ્રી ફિલ્મનું નિદર્શન ઉપરાંત મહિલા લક્ષી પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. આ પ્રસંગે જયોતિ મહિલા મંડળના અગ્રણીઓ લતાબેન ચોકસી, ડૉ. ચેતના બુચ, કૌશલ્યાબેન પરીખ તથા ડૉ. વીણાબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા

## લેકાવાડા-ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે વાર્તાકથન સ્પર્ધા યોજાઈ




કોઈ પણ વ્યકિતનું કથન કૌશલ્ય એ તેના વ્યકિતત્વને આગવો ઓપ આપે છે. સારા કથન કૌશલ્યવાળી વ્યકિતઓ અલગ તરી આવે છે અને તેના પરિચિત સમુહમાં તેનું માનભર્યું સ્થાન હોય છે. બાળકોમાં પણ આ ઉમદા કૌશલ્યનો વિકાસ થાય અને આ કૌશલ્યમાં સારું મહારથ હાંસિલ કરે તે ઉદ્દેશથી લેકાવાડા-ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલમાં પણ વાર્તાકથન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને શાળા પરિવાર દ્વારા ધોરણ પ્રમાણે વિજેતા વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

# ઉમા આર્ટસ એન્ડ નાથીબા કોમર્સ મહિલા કોલેજમાં વાર્ષિકોત્સવની ઉજવણી

ગાંધીનગર, તા.૬

ઉમા આર્ટસ એન્ડ નાથીબા કોમર્સ મહિલા કોલેજમાં ૨૫મા વાર્ષિકોત્સવ-ઈનામ વિતરણ સમારોહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. સમારંભના ઉદઘાટક તરીકે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી અને ગાંધીનગરના ચેરમેનશ્રી તથા કડી સર્વ વિશ્વ વિદ્યાલયના પ્રેસિડેન્ટ વલ્લભભાઈ પટેલ સાહેબની ઉપસ્થિતિ વિદ્યાર્થીનીઓ માટે ખૂબ જ પ્રેરણાદાયી બની રહી. આ સમારંભમાં અધ્યક્ષપદે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ ગાંધીનગર શાળાના પ્રમુખ તથા સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી શાખાના ઉપપ્રમુખ ડૉ. કનુભાઈ પટેલ સાહેબ હતા. તેઓએ વિદ્યાર્થીનીઓને સાચા અર્થમાં કેળવણીની પરિભાષા, સ્ત્રી શિક્ષણની મહત્તા, કૌટુંબિક અનુકુલન સાધવું તથા વિનમ્રતા અને વ્યવહારિકતા શીખવી વગેરે મુદ્દાઓને પોતાના અનુભવોને આધારે ખુબ જ રસપ્રદ શૈલીમાં રજુ કરી જીવનની સાચી સમજણ આપી હતી.

આ સમારંભમાં દૈનિક સમાચાર પત્ર 'ગાંધીનગર સમાચાર'ના તંત્રીશ્રી અને કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાંતભાઈ જહા ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ પોતાના વકતવ્યમાં જીવનમાં દરેક ક્ષેત્રે આવનાર પડકારોનો સામનો કરવાની કટિબદ્ધતા, આત્મવિશ્વાસ, લક્ષ્ય નિર્ધારણ, સંવેદનશીલતા સાંસ્કારિકતા વગેરે પાસાઓને અમૂલ્ય સૂચનો રૂપે સમજાવ્યા હતા.

આ કાર્યક્રમમાં કોલેજની વિદ્યાર્થીનીઓને એનસીસી, એનએસએસ, સ્પોર્ટસ જેવી અભ્યાસપૂર્વક પ્રવૃત્તિઓ અંગે ઈનામો તથા યુનિ.ની પરીક્ષાઓમાં શૈક્ષણિક ક્ષેત્રે ઉજજવળ પરિણામો પ્રાપ્ત કરવા બદલ રોકડ પુરસ્કારો, મેડલ, શીલ્ડસ, ટ્રેક સુટસ, પ્રમાણપત્રો વગેરે પુરસ્કારો એનાયત કરી પ્રોત્સાહિત કરવામાં આવી હતી. તમામ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ. પ્રણવ જોષીપુરાએ કર્યું હતું તથા વર્ષ ૨૦૧૬-૧૭ની તમામ પ્રવૃત્તિઓનો અહેવાલ આઈ.કયુ.એ.સી. કો-ઓર્ડીનેટર ડૉ. રૂપા ચાવડાએ રજૂ કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ઈન્ચાર્જ પ્રાધ્યાપિકા ડૉ. કીર્તિકમલ વાઘેલાએ કર્યું હતું તથા સમિતિના અન્ય અધ્યાપકશ્રીઓ પ્રા. ફાલ્ગુનીબહેન પટેલ, પ્રા. પાયલબહેન પંડયા, પ્રા. શ્રી હરેશભાઈ પટેલ, પ્રા. ભારતીબહેન દલવાડીના સાયુજયથી કાર્યક્રમ સફળ રહ્યો હતો.

## ઉગમણા સત્તાવીસ ગોળ પરગણા રોહિત સમાજ દ્વારા વિદ્યાર્થીઓને વિના મૂલ્યે નોટબુક-ચોપડા અપાશે

ગાંધીનગર, તા.૬

ઉગમણા સત્તાવીસ ગોળ પરગણા રોહિત સમાજ ઉત્કર્ષ ટ્રસ્ટ દ્વારા દર વર્ષની માફક નવા શૈક્ષણિક સત્રથી ગોળના ધોરણ-૫ થી ૧૦માં આવતા તમામ વિદ્યાર્થીઓને વિના મૂલ્યે નોટબુક-ચોપડાનું વિતરણ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવે છે.

તો ધો-૪ થી ૯માં ભણતા તમામ વિદ્યાર્થીઓની યાદી મેળવવા કે જેઓએ શરૂ થતા નવા સત્રથી ધો-૫ અને ધો-૧૦માં ભણનાર છે તે અંગે ટ્રસ્ટના હોદ્દેદારો, કારોબારી સભ્યશ્રીઓને જણાવેલ છે. આ વિદ્યાર્થીઓની યાદી પ્રમુખ શ્રી પી.જે. રાઠોડના કાર્યાલય ખાતે મહામંત્રી કનુભાઈ મેહરિયા, ઉપપ્રમુખ કરશનભાઈ પરમાર, મંત્રી વસંતભાઈ મેહરિયા-લિમ્બોદ્રા અને કાર્યાલય મંત્રી એન.એમ. મોઢવાડિયા-પીંપળજને આપવાની રહેશે તેવી સમાજના તમામ બાઈ-બહેનોને વિનંતી કરવામાં આવી છે.

## પાલજમાં ૧૨મીએ હોળી પ્રગટાવાશે

પાલજ મહાકાળી માતા ટ્રસ્ટ દ્વારા પાલજ ગામે મહાકાળી મંદિર ખાતે હોળીનો ઉત્સવ પરંપરાગત રીતે ઉજવવાનો છે. જેમાં તા. ૧૨-૩-૧૭ને રવિવારના રોજ સાંજે ૬.૦૦ કલાકે હોળી પ્રગટાવવામાં આવશે. તો સૌ ભાવિક ભકતોએ લાભ લેવા વિનંતી છે.

# દેશના શહીદ જવાનોને સાયકલ યાત્રા થકી અનોખી શ્રધ્ધાંજલિ

## ભારતીય સૈન્યના નિવૃત્ત મેજર જનરલ સોમનાથ જહા ૧૨ હજાર કિમીની સાયકલ યાત્રાએ નીકળ્યા છે

ગાંધીનગર, તા.૬

આઝાદી પછી દેશની અખંડિતતાને સુરક્ષિત રાખવા આશરે ૨૦ હજારથી પણ વધુ બહાદુર જવાનોએ તેમના જીવનનું બલિદાન આપ્યું છે. આ વીર સપૂત શહીદોને શ્રધ્ધાંજલિ આપવા આપણે માત્ર બે મિનિટ પણ ના ફાળવી શકીએ? આવો તેજ અને હૃદય સોંસરવો ઉતરી જાય તેવો સવાલ ખૂબ જ વિનમ્ર ભાવે દેશભરમાં હજારો કિલોમીટરનો સાયકલ પ્રવાસ કરી ગાંધીનગર પધારેલા ૫૯ વર્ષીય નિવૃત્ત સૈનિક મેજર જનરલ સોમનાથ જહાએ કર્યો હતો. ઈન્ફોસીટી રિસોર્ટ ખાતે પત્રકારો સાથે વાત કરતા મેજર જનરલ સોમનાથે દેશવાસીઓને શહીદોના બલિદાનનું યોગ્ય મૂલ્ય સમજવા અનુરોધ કર્યો હતો.

ગત વર્ષે ભારતીય લશ્કરમાંથી ૩૭ વર્ષની નોકરી બાદ વય નિવૃત્ત થનાર મેજર જનરલ સોમનાથ જહાએ દેશના શહીદ જવાનોને શ્રધ્ધાંજલિ અર્પણ કરવા અનોખુ મિશન હાથ ધર્યુ છે. આઝાદી મળ્યાથી અત્યાર સુધીમાં ૨૦,૬૦૦થી વધુ જવાનોએ શહીદી વ્હોરી છે. પ્રત્યેક શહીદને શ્રધ્ધાંજલિ આપવા માટે માત્ર બે મિનિટ ગણીએ તો આશરે ૪૨ હજાર મિનિટ થાય. આ ૪૨ હજાર મિનિટનું જો સાયકલીંગ કરવામાં આવે તો આશરે ૧૨ હજાર કિલોમીટરનો પ્રવાસ થાય. આ ૧૨ હજાર કિમી સાયકલ પ્રવાસ કરી દેશના વીર શહીદોને શ્રધ્ધાંજલિ અર્પણ કરવાનો અનોખો નિશ્ચય મેજર જનરલ સોમનાથ જહાએ કર્યો અને દેશના ૨૯ રાજયોનો પ્રવાસ ખેડી તેઓ આજે ગાંધીનગર આવી પહોંચ્યા હતા. ગત વર્ષના સપ્ટેમ્બર માસની ૩૦મી તારીખે નિવૃત્ત થનાર સોમનાથ જહા ભારતીય સૈન્યમાં રહીને પાકિસ્તાન સામે ઈન્ફન્ટીમાં યુધ્ધ લડી ચુકયા છે. સોમનાથ જહા ગાંધીનગર તેમના પત્નિ ચિત્રા સાથે પધાર્યા હતા. તેમના પત્નિએ જણાવ્યું હતું કે જયારે યુધ્ધ ચાલતું હોય ત્યારે તેમાં લડતા જવાનોમાંથી કોણ ઘરે પરત ફરશે તે ખબર હોતી નથી.



### શહીદોની શહાદતને દેશવાસીઓ સુધી લઈ જવાની નેમ

ગાંધીનગર સમાચાર સાથેની વાતચીતમાં મેજર જનરલ સોમનાથ જહાએ જણાવ્યું હતું કે 'હું ભલે સેનામાંથી નિવૃત્ત થઈ ગયો પરંતુ મારી અંદર હજુ સૈનિક જીવે છે, જે હું મરીશ ત્યાં સુધી જીવશે. મારે આ સાયકલ યાત્રા થકી દેશના વીર સપૂતોની અમૂલ્ય શહાદતને પ્રત્યેક દેશવાસી સુધી પહોંચાડવી છે. જેમને હું મળ્યો નથી, જોયાં નથી તેવા અનેક સૈનિકોએ આ દેશની રક્ષા માટે શહીદી વ્હોરી છે, તમે એમના માટે અગરબત્તી કે મીણબત્તી કરો અથવા તો દુઆ કરો એટલું પણ બસ છે'.

## @ગાંધીનગર

● માં મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો સે-૨૪ આદર્શનગર પીળો પટ્ટો, પ્લોટ નં. ૮૧૦ ખાતે બપોરે ૨.૩૦ થી ૫.૩૦ કલાક દરમિયાન યોજાશે.

● રંજબેન બ્રહ્મભટ્ટ દ્વારા આનંદનો ગરબો હંસાબેન પંડયા પ્લોટ નં. ૬૬૧/૧, વાસ્તુનિર્માણ સોસાયટી, સે-૨૨ ખાતે ૨.૩૦ થી ૫.૩૦ દરમિયાન યોજાશે.

## વાતવાતમાં

● ગુજરાત યુનિવર્સિટી દ્વારા ગત ડિસેમ્બર માસમાં લેવાયેલી પરીક્ષાઓના પરીણામો હજુ સુધી જાહેર કરાયા નથી. આ પરીક્ષામાં ખાસ કરીને બી.કોમ., બીએસસી સેમેસ્ટર-૧ સહિતના યુજીના કોર્સીસનો સમાવેશ થાય છે.

● ગાંધીનગરના જાણીતા અર્જુન એવોર્ડી પેરા બેડમિન્ટન ખેલાડી પારૂલ પરમારના પિતાશ્રી દલસુખભાઈ પરમારનું દુ:ખદ અવસાન થવા પામ્યું છે. સદગતનું બેસણું તા. ૭મી માર્ચે મંગળવારે સવારે ૯ થી ૧૧ કલાકે તેમના નિવાસસ્થાન સે-૨૨માં શ્રેયસ સોસાયટીના પ્લોટ નં. ૩૬૧/૧ ખાતે રાખવામાં આવ્યું છે. પરમકૃપાળુ પરમાત્મા તેમના આત્માને શાંતિ અર્પે તેવી અભ્યર્થના.

● ગાંધીનગરના ધોળાકુવા રક્ષાશકિત સર્કલ ખાતે શ્રમજીવી પરિવારોના બાળકોને હોળીના તહેવારને અનુલક્ષીને પિચકારી તથા રંગપૂર્ણી, ચોકિયા રંગો ઉપરાંત અન્ય શૈક્ષણિક કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## ઔદિચ્ય બ્રહ્મસમાજના સમૂહ લગ્નોત્સવ તથા સમૂહ યજ્ઞોપવિતનું આયોજન

ગાંધીનગર, તા.૬

શ્રી અખિલ ભારતીય ઔદિચ્ય બ્રહ્મસમાજના સવા શતાબ્દી મહોત્સવ સમાપન પ્રસંગે નિ:શુલ્ક સમૂહ લગ્નોત્સવ તથા સમૂહ યજ્ઞોપવિત સંસ્કારનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ તા. ૨૮મીથી તા. ૩૦ એપ્રિલ દરમિયાન યોજાશે.

સમૂહ લગ્નોત્સવમાં જોડાવા ઈચ્છતા લગ્નોત્સુક યુવક યુવતિઓ તથા યજ્ઞોપવિત સંસ્કારમાં જોડાવા ઈચ્છુક બટુકોની નોંધણી કરાવવા માટેના ફોર્મ સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજના મંત્રી અશ્વિન ત્રિવેદીના સે-૧૧માં સુમનટાવરમાં બીજા માળે ૨૦૬ નંબરની ઓફિસ ખાતેના કાર્યાલય પરથી મળી શકશે. ફોર્મ મેળવવા માટેનો સમય સવારે ૯ થી ૧૧ તથા સાંજે ૫ થી ૭ વાગ્યા દરમિયાનનો રહેશે. નોંધણી કરવા ઈચ્છુક ઉમેદવારોએ તેમના ફોર્મ સત્વરે ભરી પરત કરવા ઔદિચ્ય બ્રહ્મ સમાજના પ્રમુખ શૈલેષ શુકલએ અનુરોધ કર્યો છે. ફોર્મ સાથે યુવક યુવતિ અથવા બટુકના જન્મનો દાખલો અથવા સ્કુલ લિવિંગ સર્ટીફિકેટ જોડવાનું રહેશે. આ કાર્યક્રમ અંગે ગાંધીનગર ખાતે વધુ માહિતી માટે કનૈયાલાલ પંડયા, ગિરીશ રાવલ અથવા કેતન ઉપાધ્યાયનો સંપર્ક સાધવા જણાવાયું છે.

## ચિરવિદાય

- સ્વ. કલ્પેશ પુષ્પવદન રાવ, ઉ.વ. ૪૫
- સ્વ. દેવસીભાઈ રામભાઈ રાણાવાયા, ઉ.વ. ૮૪
- સ્વ. રમીલાબેન મુળજીભાઈ પંચોલી, ઉ.વ. ૬૨